# પ્રકરણ : ૧૨

# નિષ્કર્ષ

# ૧૨. : નિષ્કર્ષ :

## ૧૨.૧. : મનોવિશ્લેષણાત્મક અભિગમની પ્રસ્તુતતા :

આધુનિક વિવેચકો પરંપરાથી ચાલી આવતી ઐતિહાસિક, સાંસ્કૃતિક કે કર્તાલક્ષી વિવેચનપદ્ધતિનો જોરશોરથી વિરોધ/વિદ્રોહ કરવા લાગે છે અને તેનાથી ઊફરા ચાલવા લાગે છે. નવ્ય વિવેચન (New Criticism) ધારાના આ વિવેચકો કૃતિલક્ષી અભિગમના હિમાયતી બને છે. કૃતિલક્ષી વિવેચનમાં તેઓ કૃતિની સંરચનાને અને તેની નિર્માણપ્રક્રિયાને ઉકેલવામાં વિશેષ રસ દાખવે છે. તેમના મતે કૃતિનું સૌંદર્ય કૃતિમાં જ અનુસ્યૂત હોય છે. કૃતિગત સૌંદર્યને પામવા માટેનાં માનદંડો કૃતિને અનુલક્ષીને કે કૃતિમાંથી જ ઊભાં કરવા જોઈએ. આ વિચારકોનાં મતે સાહિત્યકૃતિની રૂપનિર્મિતિની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સાહિત્યકૃતિ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી હોય છે. આથી કળાકાર સાથે તેને કશી નિસબત નથી રહેતી. કળાકૃતિની રચના પૂર્ણ થયા બાદ કળાકાર સાથેનો તેનો નાળસંબંધ કપાઈ જાય છે. સર્જક કે તેના જીવનાભિગમ સાથે સર્જાઈ ચૂકેલી કૃતિને કોઈ સંબંધ નથી હોતો. વિવેચનના કેન્દ્રમાં કૃતિ જ હોવી ઘટે. કૃતિનાં આંતરિક એકમો કેવી રીતે સંઘટિત થયેલા છે અને એ સંઘટનથી કૃતિની રૂપરચના કેવી નીખરી આવે છે એનો અભ્યાસ અહીં કેન્દ્રમાં હતો. ભાષાની કેવી સંરચના અને લયભાત કૃતિમાંથી નીપજી આવે છે એ અહીં ચર્ચાનો વિષય બને છે.

નવ્ય વિવેચન વિચારધારાના આ ગૃહીતોને પડકારતા મનોવૈજ્ઞાનિક વિચારધારાના ચિંતકોએ એવું સ્પષ્ટ કર્યું કે સર્જક દ્વારા રચાયેલી કૃતિને સાચા અર્થમાં પામવી હોય તો તેના સર્જકને અને એ સર્જકની જીવનકથાને ધ્યાનમાં રાખવી જ પડે. સર્જક અમુકેક ચોક્કસ સ્થળ-કાળ અને પરિસ્થિતિમાં ઉછરેલો હોય છે. અમુક ચોક્કસ સામાજિક આબોહવા વચ્ચે તેનું ઘડતર થયેલું હોય છે. તેના ચૈતસિક વિકાસમાં આ સર્વે પરિમાણો-સંદર્ભોનો ખાસ પ્રભાવ હોય છે. વર્ષો જતાં સર્જક આ પરિમાણો-સંદર્ભોથી દૂર થાય છે અથવા તેને ભૂલી જાય છે. પરંતુ આ સંદર્ભો તેના ચિત્તમાંથી સદંતર ભૂસાઈ નથી જતા. તે એના અચેતનમાનસમાં સંગૃહીત હોય છે. અચેતનસ્તરે રહેલા આ સંદર્ભો જ સર્જકની સિસૃક્ષાને પોષે છે. સર્જકના અચેતનવિશ્વમાં પડેલા આ સંદર્ભો, તેના વિશેષો અને મર્યાદાઓ સમેત

આપોઆપ સર્જકની કૃતિમાં પ્રતીકાત્મક રીતે નિરૂપાતા હોય છે. સર્જક સ્વયં પણ પોતાના અચેતન માનસ અને સાહિત્યકૃતિના આ આંતર અનુબંધથી અપરિચિત હોય છે. આ આંતર અનુબંધને ઉકેલવા માટે મનોવિશ્લેષણાત્મક અભિગમ એ એકમાત્ર ઓજાર છે.

આ એકમાત્ર અભિગમ એવો છે જેમાં એકી સાથે સર્જક, કૃતિગત પાત્ર અને ભાવકને પ્રત્યક્ષપણે સાંકળવામાં આવે છે. સાહિત્યવિવેચનના બીજા બધા અભિગમોમાં બે, કોઈ પણ બે (સર્જક-કૃતિ, કૃતિ-ભાવક, સર્જક-ભાવક) બિંદુએથી જ વિચાર કરવામાં આવે છે. દા.ત. ઐતિહાસિક અભિગમમાં જે તે યુગનો સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભ કૃતિના વર્ણ્યવિષમાં કેવો નિગરણ પામે છે એનો અભ્યાસ કરવામાં આવે છે પણ ભાવક સુધી તે કઈ રીતે સંક્રાન્ત થાય છે  અને ભાવક પર તેનો શું પ્રભાવ પડે છે એની અત્રે ચર્ચા નથી કરવામાં આવતી. એની સામે મનોવિશ્લેષણાત્મક અભિગમ સર્જકચેતનાનો અભ્યાસ કરી, એ ચેતના કૃતિગત પાત્રોની ચેતના સાથે કઈ રીતે અનુસંધાન ધરાવે છે તેનો પણ અભ્યાસ કરે છે. એ બંને ચેતનાઓ સાથે ભાવકે કેવી રીતે કામ પાર પાડવાનું અથવા તેની ભાવક પર શી અસર થાય છે એની પણ અહીં ચર્ચા કરવામાં આવે છે.

વળી જો આ અભિગમને સાહિત્યવિવેચન ક્ષેત્રે યોગ્ય રીતે અપલાઇ કરવામાં આવે તો તે સાહિત્યકૃતિમાં નિહિત નવા, સામાન્ય ભાવક માટે વણદીઠ્યા, સૌંદર્યસ્થાનોને ખોલી પણ આપે અને સૌને ગળે ઊતરે એ રીતે તેનું ભાવન કરાવવામાં પણ સહાયક નીવડે છે. માનવચિત્ત દ્વારા રચાયેલ, માનવચિત્ત માટે રચાયેલ અને વળી જેનો, વર્ણ્યવિષય પણ માનવચિત્ત છે એવા સાહિત્યને સાચી રીતે પામવાની ખેવના ધરાવતા પ્રત્યેક વિવેચકે થોડે-ઘણે અંશે તો મનોવિશ્લેષણાત્મક અભિગમ અપનાવવો રહ્યો ! પણ જો આ અભિગમનો અને તેના ટૂલ્સનો શાસ્ત્રીય વિનિયોગ સાધવામાં આવે તો નિઃશક સાહિત્યજગતને લાભ જ લાભ છે.

બીજી બાજુ, આખું વિશ્વ જ્યારે વિવિધતામાં એકતા એ ન્યાયે બહુસંસ્કૃતિવાદી (Multiculturalism) વિચારધારાને આવકારે છે ત્યારે વિવેચકો એક જ નજરીયાથી અથવા કોઈ એક જ હાથવગા ઓજારથી સાહિત્યકૃતિની તપાસ કરે તો એ સાહિત્યકૃતિની સર્વાંગી તપાસ ન ગણાય. વળી, વિવેચનનું પ્રયોજન જ સાહિત્યકૃતિમાં નિહિત રસસ્થાનોને અવનવા અભિગમો દ્વારા ભાવક સમક્ષ ખોલી આપવાનું છે. અન્ય કળાઓની માફક

સાહિત્યને પણ વિવિધ દષ્ટિકોણોથી તપાસવું જોઈએ. આવા દષ્ટિકોણ સાથે વિકસેલી ગુજરાતી સાહિત્યવિવેચન પરંપરામાં અનેક નાનાવિધ અભિગમો અપનાવી વિવેચકો વિવેચનપ્રવૃત્તિ કરવા લાગે છે. એમાંય અનુઆધુનિકતાવાદનો પ્રવાહ શરૂ થતાં તો સાહિત્યવિવેચન ક્ષેત્રે નવા નવા અભિગમોને ખૂબ આવકાર-અવકાશ મળે છે એ સરાહનીય બાબત છે. ત્યારે આવા બહુસંસ્કૃતિ કે બહુસંવાદી વિચારધારાના યુગમાં સાહિત્ય વિવેચન ક્ષેત્રે મનોવિશ્લેષણાત્મક અભિગમને પણ યોગ્ય પ્રતિસાદ મળે એ આવકાર્ય બાબત છે.

જ્યાં સુધી માનવચિત્તની નીપજરૂપ સર્જનાત્મક પ્રવૃત્તિ થતી રહેશે અને જ્યાં સુધી ભાવકચિત્ત કળાના ભાવનમાં નિમગ્ન રહેશે અથવા જ્યાં સુધી કળાના સામ્રાજ્યમાં માનવચિત્ત રમમાણ રહેશે ત્યાં સુધી વિવેચન ક્ષેત્રે મનોવિશ્લેષણાત્મક અભિગમની પ્રસ્તુતતા રહેવાની એમ કહેવામાં સહેજે અતિશયોક્તિ નથી.

## ૧૨.૨. : નવલકથા સાહિત્ય સ્વરૂપ પર મનોવિશ્લેષણાત્મક સંશોધનોનો પ્રભાવ :

આપણે આગળ પ્રકરણ ૧.૭. અંતર્ગત જોયું કે નવલકથાના પ્રત્યેક ઘટકાંગ પર મનોવિશ્લેષણાત્મક સંશોધનોનો ખૂબ પ્રભાવ પડેલો છે. પ્રભાવ પડેલો છે એટલું જ નહિ નવલકથાનું આખું સ્વરૂપ, તેની સમગ્ર સંરચના જ મનોવિશ્લેષણાત્મક વિચારધારાની અસરને કારણે બદલાઈ ગઈ છે.

નવલકથા એ વાસ્તવનિષ્ઠ સાહિત્યસ્વરૂપ છે. મનોવિશ્લેષણાત્મક વિચારધારાના આવિષ્કાર પૂર્વે અથવા એવા આવિષ્કારોને સ્પર્શ્યા વિના જે સર્જકોએ નવલકથાસર્જન કર્યું તેમાં વાસ્તવનું જે સ્વરૂપ છે તે મહદંશે ભૌતિક રહ્યું છે. ભૌતિક વાસ્તવ અથવા પરિદશ્યમાન વાસ્તવને જ તેઓ નવલકથામાં નિરૂપતા. આથી આવી નવલકથાઓમાં બાહ્ય ઘટનાઓ અથવા ભૌતિક ઘટનાઓનું પ્રભુત્વ રહેતું. એની સામે મનોવિશ્લેષણાત્મક આવિષ્કારોના પ્રભાવથી લખાતી નવલકથાઓમાં ચૈતસિક વાસ્તવ વિશેષ નિરૂપાવા લાગે છે. પરિણામે આવી નવલકથાઓમાં બાહ્ય ઘટનાઓ કે પ્રસંગોનું વિશેષ મહત્ત્વ નથી રહેતું. નવલકથામાં કથાના ધસમસતા પ્રવાહની સામે અહીં કથાની સ્થગિતતા વર્તાય છે. પરંપરાગત નવલકથાઓમાં કથાની જે મેદસ્વીતા વર્તાતી એ આવી નવલકથાઓમાં વિગલિત થાય છે. આવી નવલકથાઓના ભાવન દરમ્યાન ભાવક પાત્રચેતનાનો વિકાસ-

વિસ્તાર અનુભવે છે પણ તેને કથાગતિ ફ્રિઝ થઈ ગયેલી લાગે છે. આથી જ આવી નવલકથાઓ ઘટનાપ્રધાન નહિ પણ પાત્રપ્રધાન વિશેષ જણાય છે.

સામાન્યતઃ નવલકથાકાર ભાવક સાથે કથાનું સીધું પ્રત્યાયન થાય એવી રીતે નવલકથામાં કથાનું નિરૂપણ કરતો હોય છે. તે ભાવકને કથારસના પ્રત્યાયનમાં કોઈ અડચળ ના આવે અથવા એમને કથાના તંતુઓને જોડવામાં કોઈ ખાસ જહેમત ન લેવી પડે એવી તાર્કિકતાથી કથાની સંકલના સિદ્ધ કરતો હોય છે. જ્યારે મનોવૈજ્ઞાનિક અભિગમ અપનાવી નવલકથાસર્જન કરતો નવલકથાકાર પ્રયુક્તિપૂર્વક, પાત્રમાનસની ગ્રંથિઓને સાકારિત કરવાના હેતુસર, નવલકથામાં અસંગત લાગે તેવા સંવાદો, કોઈ પાત્રનો અસંગત લાગે તેવો વાણીવિલાસ યોજતો હોય છે. સામાન્ય ભાવક માટે આ બધું અસંગત હોઈ શકે પણ મનોવૈજ્ઞાનિક અભિગમલક્ષી વિવેચનના ઓજારોના જાણકાર ભાવક માટે આ બધું કૂચીરૂપ પુરવાર થાય છે. આવી નવલકથાઓમાં પ્રયુક્તિરૂપે જે અતાર્કિક કે અસંગત નિરૂપણો થયેલા હોય છે તેની પાછળ પણ કોઈ ને કોઈ મનોવૈજ્ઞાનિક ભૂમિકા પડેલી જ હોય છે. આવી અતાર્કિકતા કે અસંગતતા જ ખરા અર્થમાં નવલકથાની મનોવૈજ્ઞાનિક તપાસ માટેની સૂચક બની રહે છે.

પરંપરાગત નવલકથાઓમાં કથાનિરૂપણ માટે આનુક્રમિક વસ્તુસંકલનની પદ્ધતિ વધારે પ્રયોજવામાં આવતી. એની સામે મનોવિશ્લેષણાત્મક આવિષ્કારોથી પ્રભાવિત થઈ લખાતી નવલકથાઓમાં વિષમક્રમિક વસ્તુસંકલન પદ્ધતિ વધારે પ્રયોજાયેલી જોવા મળે છે. જો કે મનોવિશ્લેષણાત્મક આવિષ્કારોથી અપરિચિત, પણ માનવમનની ગતિવિધિઓથી પરિચિત એવા નવલકથાસર્જકોએ ય પોતાની નવલકથાઓમાં વસ્તુસંકલનની વિષમક્રમિક પદ્ધતિનો વિનિયોગ કર્યો જ છે. પરંતુ એ માટે એ સર્જકો પાસે જે રચનાપ્રયુક્તિઓ હતી એ મર્યાદિત હતી. એની સામે મનોવિશ્લેષણાત્મક અભિગમથી પ્રભાવિત થઈ નવલકથાલેખન માટે પ્રવૃત્ત થનાર સર્જક પાસે આવી રચનાપ્રયુક્તિઓનું પ્રમાણ ઘણું છે. એથી આવી નવલકથાઓમાં રચનારીતિપરક એકવિધતાની સમસ્યાઓ બહુ ઓછી થઈ જાય છે.

મનોવિશ્લેષણાત્મક આવિષ્કારોના પ્રભાવતળે લખાયેલી નવલકથાઓના પાત્રોની એક વિશેષતા એ હોય છે કે તેમનું વ્યક્તિત્વ વધુમાં વધુ સંકુલ હોય છે. આવા પાત્રોની માનસિક ગતિવિધિઓ કે પ્રતિક્રિયાઓ જ નવલકથાનું હાર્દ હોય છે. અહીં કથાચરિત્રનો

બાહ્ય સંઘર્ષ નહિ, પણ આંતરિક સંઘર્ષ કથાના કેન્દ્રમાં હોય છે. પાત્રચિત્તનો આંતરિક સંઘર્ષ નિરૂપવા માટે આવા નવલકથાકાર માટે સર્વજ્ઞ કથનકેન્દ્ર એટલું સહાયભૂત નથી નીવડતું. નવલકથાના સર્વજ્ઞ કથનકેન્દ્રની એ મર્યાદા છે કે પાત્રના ચેતનાસ્તરે ચાલતી ક્રિયા-પ્રતિક્રિયાથી તે ભાવકને અવગત નથી કરાવી શકતું, અને જો એમ કરવા જાય તો પાત્રચિત્તની વાત એને કેમ ખબર પડી ? એવા કેટલાક ટેકનિકલ પ્રશ્નો ખડા થાય છે. આથી આવી નવલકથાઓમાં વિશેષતઃ પ્રથમ પુરુષ એકવચન, આત્મકથનાત્મક શૈલીએ કથાનિરૂપણ થવા લાગે છે. આધુનિક ગુજરાતી નવલકથાઓનું નિરીક્ષણ કરતાં આ વાતની પ્રતીતિ થશે.

મનોવિશ્લેષણાત્મક દષ્ટિકોણના પ્રભાવતળે લખાયેલી નવલકથાઓમાં પાત્રોની સંખ્યા ઓછી હોય છે. કારણ કે લેખકનું ફોકસ કોઈ એક જ પાત્રના ચૈતસિક સંચલનોને નિરૂપવા પર હોય છે. લેખકને કથા કહેવી છે, પણ ઘણાં બધાં પાત્રોની કથા કહેવાની અભિલાષા તેને નથી હોતી. તે એક કે બે પાત્રોની જ કથા કહે છે, પણ તેના આંતર-બાહ્ય વ્યક્તિત્વના સઘળા પાસાંઓને આવરીને કહે છે. તે પાત્રનું પૂરેપૂરું, સર્વાંગી વ્યક્તિત્વ ભાવક સમક્ષ ખોલવાની ખેવના ધરાવતો હોય છે.

આવી નવલકથાઓના લેખકને બાહ્ય ઘટનાઓ કે પ્રકૃતિનું વર્ણન કરવામાં બહુ રસ નથી હોતો. તેને તો પાત્રચિત્તને ઉજાગર કરતાં પાત્રના સંવાદો અને તેના ક્રિયા-કલાપો નિરૂપવામાં જ વધુ રસ હોય છે. આથી, મનોવિશ્લેષણાત્મક પ્રભાવ હેઠળ લખાયેલી નવલકથાઓમાં બાહ્ય ઘટનાઓ કે પ્રકૃતિના વર્ણનોનો મેદ ઘટે છે.

મનોવિશ્લેષણાત્મક અભિગમ પૂર્વે ભાષાનો માત્ર કથાનિરૂપણના એક માધ્યમ લેખે જ અભ્યાસ કરવામાં આવતો. પરંતુ મનોવિશ્લેષણાત્મક વિચારણાથી એ મત પ્રસ્થાપિત થાય  છે કે ભાષા એ સર્જકચિત્તનું પ્રતિનિધાન છે. નવલકથાકાર તેના ચૈતસિક સ્તરે નવલકથા સર્જતો હોય છે એ સાચું. પણ તેનું એ ચૈતસિક વિશ્વ અને તેની ભાષા પણ તેના અચેતનથી પ્રેરિત હોય છે. નવલકથાની પ્રગટ ભાષા સર્જકના અચેતનમાં રસાઈને પ્રગટરૂપ ધારણ કરતી હોય છે. ભાષાના માધ્યમથી નિરૂપાયેલા પ્રતીકો, કલ્પનોના મૂળ નવલકથાકારના અચેતનમાં પડેલાં હોય છે. સર્જકના અચેતનની ઈચ્છાઓ, લાગણીઓ ભાષામાં કેવા રૂપે પ્રગટ થઈ છે એ ભાવક-વિવેચક માટે તપાસનો વિષય બની રહે છે.

'સરસ્વતીચંદ્ર' અને 'મળેલા જીવ' જેવી નવલકથાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે એ કૃતિઓના સર્જકો પાશ્ચાત્ય મનોવિજ્ઞાનને અનુલક્ષીને કે તેનાથી પ્રભાવિત થયા વિના પોતાની આગવી સર્જકમુદ્રા ઉપસાવવા સર્જનપ્રવૃત્ત થાય છે, છતાં તેમના સાહિત્યમાં પણ મનોવૈજ્ઞાનિક તથ્યો સુંદર કલાત્મક રીતે નિરૂપાયા છે. આ બાબત સ્પષ્ટ કરે છે કે મનોવિશ્લેષણાત્મક તથ્યો સાહિત્યવિવેચન ક્ષેત્રે સૈદ્ધાંતિક દષ્ટિએ ચર્ચાય છે એ પૂર્વે પણ નિસર્ગદત્ત પ્રતિભાશાળી સર્જકોની કલમે સાહિત્યકૃતિઓમાં કલારૂપ પામેલા છે. એટલે એવું જરૂરી નથી કે મનોવૈજ્ઞાનિક તથ્યોથી અવગત હોય એવા સર્જકોએ જ લખેલી કૃતિઓનો મનોવિશ્લેષણાત્મક અભિગમથી અભ્યાસ કરી શકાય.

આમ, મનોવિશ્લેષણાત્મક આવિષ્કારોનો પ્રભાવ નવલકથાના કોઈ એક રચનાએકમ પર નહિ પરંતુ તેના સમગ્ર રચનાતંત્ર પર પડ્યો જણાય છે. તેનું આખું સ્વરૂપ-માળખું મનોવૈજ્ઞાનિક આવિષ્કારોથી પ્રભાવિત થયેલું જણાય છે.

## ૧૨.૩. : ગુજરાતી સાહિત્યવિવેચનમાં મનોવિશ્લેષણાત્મક અભિગમ : દશા-દિશાઃ

પ્રકરણ ૧.૬. અંતર્ગત આપણે જોયું કે ગુજરાતીના કયા કયા સાહિત્યવિચારકોએ મનોવિશ્લેષણાત્મક અભિગમ વિશે ક્યાં ક્યાં અને શું શું વાત-વિચારણા કરી છે. આનંદની વાત એ છે કે આપણું સાહિત્યવિવેચન પણ વિશ્વભરના સાહિત્યવિવેચન ક્ષેત્રે જે અભિગમની બોલબાલા છે એવા મનોવિશ્લેષણાત્મક અભિગમની વિચારણાથી વંચિત નથી રહ્યું. મધુ કોઠારી, પ્રમોદકુમાર પટેલ, ભાનુપ્રસાદ પંડ્યા, અનિલા દલાલ, ચંદ્રકાન્ત ટોપીવાળા, એમ. એમ. ત્રિવેદી, પ્રસાદ બ્રહ્મભટ્ટ, બિપિન આશર, બાબુ દાવલપુરા, રસિક શાહ જેવા પ્રતિષ્ઠિત વિવેચકોએ મનોવિશ્લેષણાત્મક અભિગમની સૈદ્ધાંતિક અને આમાંના કેટલાકે ચિંતકોએ પ્રત્યક્ષ વિવેચના કરી છે.

દુઃખની વાત એ છે કે ગુજરાતી સાહિત્યવિવેચન ક્ષેત્રે આ વડીલોએ પ્રસ્થાપેલી મનોવિશ્લેષણાત્મક વિવેચનાને આગળ વધારવાનો, તેનો વિસ્તાર સાધવાનો કોઈએ પ્રયાસ કર્યો નથી. M.Phil., Ph.D. માં આ વિષયોને અનુલક્ષીને સંશોધનો થાય છે, પણ એ સંશોધનો યુનિવર્સિટીઓના ગ્રંથાલયોના કોઈ એવા ખૂણામાં સંતાઈ/ધકેલાઈ જાય છે કે જે ફરી ક્યારેય પ્રકાશમાં નથી આવતા, નથી આવી શકતા.

આવું દુઃખ થાય છે એનું કારણ એ છે કે હિન્દી જેવી ભગિની ભાષાઓમાં મનોવિશ્લેષણાત્મક અભિગમ વિશે સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ વિવેચન ખૂબ થયું છે. આ વિચારણા વિશેના સ્વતંત્ર પુસ્તકો પણ ઉપલબ્ધ છે. જ્યારે આપણે ત્યાં આ અભિગમ વિશે વાંચવું વિચારવું હોય તો દીવો લઈ શોધવા જવું પડે.

મનોવિશ્લેષણાત્મક અભિગમની જ વાત નથી કરતો, અન્ય સાહિત્ય વિવેચનના અભિગમોની બાબતમાં પણ આવી જ ઉદાસીનતા સેવાઈ રહેલી જણાય છે. સાર્વત્રિક રીતે જોતાં અત્યારે ગુજરાતી સાહિત્યવિવેચનાનો જે પ્રવાહ છે તે ચીલાચાલુ અને મહદંશે કથા કે વર્ણ્યવિષયના પુનઃરટણની દિશામાં વહી રહ્યો છે. વિવેચકો કોઈ એક અભિગમ વિશેષને અપનાવી સાહિત્યકૃતિનું અધ્યયન કરે તો સાહિત્યવિવેચના પણ થોડી શિસ્તબદ્ધ લાગે અને કૃતિને યોગ્ય ન્યાય મળ્યાની શક્યતાઓ પણ રચાય.

ટૂંકમાં, મનોવિશ્લેષણાત્મક અભિગમ વિશે ગુજરાતી સાહિત્યવિવેચન ક્ષેત્રે જે વિચારણા થઈ એ થઈ, એ પછી આ વિચારણાનો કોઈ ખાસ વિકાસ જણાતો નથી.

## ૧૨.૪. : મનોવિશ્લેષણાત્મક અભિગમ- ભાવિ સંશોધનો માટેની શક્યતાઓ, ક્ષેત્રો - દિશાનિર્દેશ :

આગળ કહ્યું તેમ ગુજરાતી સાહિત્યવિવેચન ક્ષેત્રે મનોવિશ્લેષણાત્મક અભિગમને અનુલક્ષીને ખૂબ જ ઓછું કામ થયું છે. પશ્ચિમ અને ભારતની અન્ય ભાષાઓમાં આ અભિગમને અનુલક્ષી થયેલી વિચારણાનું આયોજનપૂર્વક અધ્યયન કરી આ ક્ષેત્રે સંશોધનકાર્યો કરવાની ઘણી શક્યતાઓ રહેલી છે. અહીં સંશોધકપક્ષે એ બાબતનું ખાસ ધ્યાન રાખવું પડે કે મનોવિશ્લેષણાત્મક અભિગમનીયે એકથી વધારે પેટા વિવચેનપદ્ધતિઓ છે. તો પોતે કઈ વિવચેનપદ્ધતિને અનુસરવા ચાહે છે એ પહેલેથી જ તેણે નક્કી કરી લેવું પડે અને એ પ્રમાણે પ્રત્યક્ષવિવેચનનો વિષય પસંદ કરવો પડે. આ અભિગમની સૈદ્ધાંતિક પીઠિકાનું બરાબર અનુશીલન કરી લો, તો ગુજરાતી સર્જનાત્મક સાહિત્યની કેટલીયે રચનાઓ અને કેટલાંય ક્ષેત્રો આ અભિગમ દ્વારા પ્રત્યક્ષ વિવેચના થવાની રાહ જોઈ રહ્યાં છે. ભાવિ સંશોધકો અને વિચારકો માટે આવા કેટલાક ક્ષેત્રોનો, મારી મતિ પ્રમાણે દિશાનિર્દેશ કરવાનું દુઃસાહસ કરવા પ્રેરાવું છું.

૧. આપણે ત્યાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભક્તિસાહિત્ય ખૂબ લખાયું. શા માટે જીવન-જગતને લગતા બીજા વિષયોને એ સાહિત્યમાં સ્થાન ન મળ્યું અને ભક્તિસાહિત્ય વિશેષ લખાયું એની તપાસ જો મનોવિશ્લેષણાત્મક અભિગમથી કરવામાં આવે તો એ સાહિત્ય વિશેનો એક નવો જ દષ્ટિકોણ વિકસે એમ છે.

૨. કોઈ એક સાહિત્યકારના જીવન અને તેના સમગ્ર સાહિત્યસર્જનનો અભ્યાસ કરી, તેમની સાહિત્યકૃતિઓ કે કોઈ એક સાહિત્યકૃતિમાં એમનું મનોવૈજ્ઞાનિક જીવન કે એમનું ચેતનાવિશ્વ કેવું કળારૂપ પામ્યું છે તેની મનોવિશ્લેષણાત્મક તપાસ કરી શકાય.

૩. કોઈ એક સાહિત્યસ્વરૂપ મનોવિશ્લેષણાત્મક વિચારધારાના આવિષ્કારોથી કેવું પ્રભાવિત થયું છે અને એ પ્રભાવને કારણે તેના સમગ્ર રૂપતંત્રમાં કેવા કેવા પરિવર્તનો આવ્યાં છે તેનો એ સાહિત્યસ્વરૂપમાં રચાયેલી કૃતિઓના આધારે મનોવિશ્લેષણાત્મક અભ્યાસ થઈ શકે.

૪. મનોવિશ્લેષણાત્મક અભિગમ પણ વિવેચનની વિવિધ પદ્ધતિઓ ધરાવે છે. એમાંની કોઈ એક પદ્ધતિને અપનાવી તેને અનુરૂપ વિષયનો મનોવિશ્લેણાત્મક અભ્યાસ કરી શકાય.

૫. સાહિત્યસ્વરૂપ કે સાહિત્યકૃતિમાં મનોવૈજ્ઞાનિક તથ્યોના નિરૂપણ માટે ભાષાની ભૂમિકા કે કાર્યશીલતાનું મનોવિશ્લેષણાત્મક નિદાન કરી શકાય.

૬. ગુજરાતી સાહિત્યમાં લખાયેલ પરાવાસ્તવવાદી કવિતા/સાહિત્યનું મનોવિશ્લેષ-ણાત્મક અધ્યયન કરી શકાય.

૭. દલિતવાદ/નારીવાદ જેવા સામાજિક આંદોલનો પાછળ કેવા મનોવૈજ્ઞાનિક પરિબળો કાર્યશીલ હોય છે તેનો અભ્યાસ કરી દલિતસાહિત્ય/નારીવાદી સાહિત્યમાંથી પ્રગટતી દલિતચેતના/નારીચેતનાનો મનોવિશ્લેષણાત્મક અભ્યાસ કરી શકાય.

## ૧૨.૫. : વિવેચનના મનોવિશ્લેષણાત્મક અભિગમની મર્યાદા :

જો આ પ્રકારનું સાહિત્યવિવેચન કેવળ શાસ્ત્રીય સંજ્ઞાઓ કે પરિભાષાઓથી ઠસોઠસ ભરેલું હોય તો આવું વિવેચન ભાવક માટે અરુચિકર બની રહે છે. કાર્યકારણના સંબંધ વિના કે તર્કરહિત અથવા ખેંચી-તાણીને તર્ક બેસાડી પાત્રચેતના કે સર્જકચેતનાનું મનોવિશ્લેષણાત્મક અર્થઘટન કરવામાં આવે તો વિવેચનમાં એક પ્રકારની યાંત્રિકતા, એકવિધતા અને નીરસતા પ્રવેશવાનો સંભવ રહે છે. પરિણામે જે અભિગમ કૃતિના વિશેષોને પ્રગટ કરવા પ્રયોજાયો હોય એ અભિગમ જ કૃતિવિવેચનની મર્યાદા બની રહે છે. આથી આ પ્રકારના વિવેચન, અધ્યયન, સંશોધનમાં શાસ્ત્રીય અર્થઘટનોની સાથોસાથ ભાવકની રૂચિને અનુરૂપ કૃતિના સૌંદર્યસ્થાનો/રસસ્થાનોનો સાહજિક, રસકીય આસ્વાદ કરાવવો પણ હિતાવહ છે.